મુ.નોગામા, તા.ઉમરગામ, જિ.વલસાડ ખાતે નવી આદર્શ
નિવાસી શાળા (કુમાર) ધોરણ ૯ થી ૧૨ શરૂ કરવાની
નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનશ/2013/ન.બા. ૩૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.30/07/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીનો તા.30/૧૧/૨૦૧3નો પત્ર નં:-
ટીડી/અનશ/ફા.ન.૧૨૮૨/૨૦૧૪-૧૫/ ૩૩૫૭-૩૩૨૮.

ઠરાવ:-

રાજ્ય સરકારની હાલની શિક્ષણ નીતિને ધ્યાને લઇને આદિજાતિ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ખુબ જ વધી ગયેલ છે. જેના લીધે આ વિસ્તારોમાં આવેલ આદર્શ નિવાસી શાળાઓમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો વધારો થયેલ છે. આ બાબત ધ્યાને લેતા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના કમિશનરશ્રી (આ.વિ.) ના પત્રથી વર્ષ ૨૦૧૪-૧૫માં મું.નોગામા, તા.ઉમરગામ, જિ.વલસાડ ખાતે નવી આદર્શ નિવાસી શાળા (કુમાર) ધોરણ-૯ થી ૧૨ ક્રમશઃ શરૂ કરવા માટેની રૂ.૧૯.૫૧ લાખની નવી બાબતનો સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે મું.નોગામા, તા.ઉમરગામ, જિ.વલસાડ ખાતે નવી આદર્શ નિવાસી શાળા (કુમાર) ધોરણ-૯ થી ૧૨ ક્રમશઃ શરૂ કરવા માટેની રૂ.૧૯.૫૧ લાખની નવી બાબતનો નીચેની શરતોને આધીન સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવાની બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ શાળા માટે નીચે મુજબનું મહેકમ મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | સંખ્યા | પગાર ધોરણ | પગાર |
|---|---|---|---|---|---|
| ૧ | મદદનીશ શિક્ષક | ૩ | ૨ | ૯૩૦૦-૩૪૮૦૦+ ગ્રેડ-પે ૪૨૦૦ | ફીક્સ પગાર ૯૪૦૦/- |
| ૨ | વોર્ડન/ આ.લે.સુ. | ૩ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦+ ગ્રેડ-પે ૪૪૦૦ | ફીક્સ પગાર ૯૪૦૦/- |
| ૩ | પટાવાળા | ૪ | ૧ | ૪૧૦૦/- | ફીક્સ પગાર |
| ૪ | રસોયા | ૪ | ૧ | ૪૧૦૦/- | ફીક્સ પગાર |
| ૫ | રસોડા કામદાર | ૪ | ૧ | ૪૧૦૦/- | ફીક્સ પગાર |

આ શાળા માટે મદદનીશ શિક્ષકની કુલ-૨ (બે) જગ્યાઓ અને વોર્ડન/ આસીસ્ટન્ટ લેડી સુપ્રિટેન્ડન્ટની ૧ (એક) એમ વર્ગ-૩ની કુલ-૩ (ત્રણ) જગ્યાઓ પુરા પગાર ધોરણમાં ફીક્સ પગારથી અને ઉપર ક્રમ-૩ થી ૫માં જણાવેલ વર્ગ-૪ની ૩ (ત્રણ) જગ્યા આઉટસોર્સિંગથી ભરવાની રહેશે.

શરતો:-

(૧) આ શાળાને ૨ (બે) વર્ષ માટે મંજૂરી આપવામાં આવે છે. અને જો ૨ (બે) વર્ષમાં પુરતી સંખ્યા ન થાય તો આ શાળાની મંજૂરી રદ ગણવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાંણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ. માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૦) જે તે જગ્યાઓના પગારધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની રહેશે.

(૧૧) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/2003/જીઓઆઇ/૧૦(પા.ફા) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૧૨) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

(૧૩) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૪) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૫) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પુરી થતા પહેલાં દરખાસ્ત રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૬) વર્ગ-૪ની જગ્યાઓની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઇ મુજબ થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટસોર્સિંગથી કરવાની રહેશે.

(૧૭) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, આદિવાસી વિસ્તાર પેટા યોજના, પેટા સદર – ૪૮ ટીસીકે – ૧૭૭ આદર્શ નિવાસી શાળાઓ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૧૨/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ.